# Std 11 Gujarati Textbook Solutions Chapter 2 ખરી મા

## સ્વાધ્યાય

### 1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. નવી સ્ત્રી ઘરમાં જોયા પછી કુસુમાયુધે તેને પ્રથમ શો પ્રશ્ન પૂછ્યો?**

ઉત્તરઃ

નવી સ્ત્રી ઘરમાં જોયા પછી કુસુમાયુધે તેને પ્રથમ પ્રશ્ન પૂક્યો: 'તમે અહીં રહેશો કે જતાં રહેશો?"

**પ્રશ્ન 2. નવી સ્ત્રીને કુસુમાયુધ કયું સંબોધન કરે છે?**

ઉત્તરઃ

નવી સ્ત્રીને કુસુમાયુધ બહેન' સંબોધન કરે છે.

**પ્રશ્ન 3. આ પાઠમાં 'ભાડૂતી' શબ્દ કોના કોના માટે વપરાયો છે?**

ઉત્તરઃ

"ખરી મા' પાઠમાં 'ભાડૂતી' શબ્દ ઘરના નોકર અને ડૉક્ટર માટે વપરાયો છે.

**પ્રશ્ન 4. બીમાર કુસુમાયુધનું કયું વાક્ય નવી માનું હૃદય ચીરી નાખે છે?**

ઉત્તરઃ

"હા, પણ હું તો મારી ખરી માને બોલાવું છું." બીમાર કુસુમાયુધનું આ વાક્ય નવી માનું હૃદય ચીરી નાખે છે.

### 2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. માની ગેરહાજરી વિશે કુસુમાયુધને નાનપણમાં કેવા કેવા જવાબો મળતા ?**

ઉત્તરઃ

"મા ક્યાં ગઈ?' એ પ્રશ્ન કુસુમાયુધના હૃદયમાં સતત રમ્યા કરતો હતો. કોઈ કહેતું: 'એ તો પ્રભુના ધામમાં ગઈ.' કોઈ કહેતું: 'મામાને ઘેર ગઈ.' કોઈ કહે : "એ તો જાત્રા કરવા ગઈ છે." નોકર કહેતો : 'એ તો મરી ગઈ.'

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 2. કુસુમાયુધ માની શોધખોળ કેવી રીતે કર્યા કરતો હતો ?**

ઉત્તરઃ

કુસુમાયુધ માના વિશે પ્રશ્ન પૂછતો. માનું મુખ કોઈ પણ દેખાવડી યુવતીમાં જોવા તે મથતો. માના સરખું લૂગડું પહેર્યું હોય એવી સ્ત્રીને તે ધારીધારીને જોતો. એવી કોઈ સ્ત્રી મળવા આવી હોય તેને ઘરમાં રહેવા આગ્રહ કરતો. આમ, તે માની શોધખોળ કર્યા કરતો.

**પ્રશ્ન 3. નવી મા કુસુમાયુધને કેવી કેવી ભલામણો કરતી?**

ઉત્તરઃ

નવી મા કુસુમાયુધને તે સુખી અને સારો થાય તે માટે બે કરતાં વધારે રોટલી ન ખવાય." "બહુ દોડવું નહિ." "ચીસ પાડીને બોલાય જ નહીં." જેવી ભલામણો કરતી.

**પ્રશ્ન 4. નવી સ્ત્રીએ પોતે જ ખરી મા' બનવા શું કર્યું?**

ઉત્તરઃ

નવી સ્ત્રી પોતે જ "ખરી મા' બનવા જૂઠું બોલી, "મેં ક્યારે તને 'તમે' કહીને બોલાવ્યો?" તેણે બાળકના મુખ ઉપર પહેલું ચુંબન લીધું. બાળકને તેણે છાતીસરસો લીધો અને તેની સાથે સૂઈ ગઈ.

## 3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :

**પ્રશ્ન 1. "બાળકની બુદ્ધિ મોટાંને તાવે છે' – આ વાક્ય પાઠને આધારે સમજાવો.**

ઉત્તરઃ

કુસુમાયુધ તેનાં માતા-પિતાનો લાડકવાયો દીકરો હતો, પરંતુ માતા તેને ચાર વર્ષનો મૂકીને સ્વર્ગવાસી થઈ. 'મા ક્યાં ગઈ?" એ પ્રશ્ન કુસુમાયુધના મનમાં સતત રમ્યા કરતો. તે પ્રશ્ન પૂછતો અને એના તેને અનેક ઉત્તર મળતા. ફરિયાદ કરી કરી થાકેલા કુસુમાયુધે પ્રશ્નો બદલ્યા: 'પણ પાછી તો આવશે જ ને?' પણ મને લીધા વગર એ કેમ ગઈ ?' વગેરે.

એકાએક તેણે સુંદર મુખવાળી કોઈ સ્ત્રી ઘરમાં જોઈ. બીજી સ્ત્રીઓ આવીને જતી રહેતી. પરંતુ આ સ્ત્રીએ તેને પાસે બોલાવ્યો. તેણે બે-ત્રણ પેટીઓ પોતાના સુવાના ઓરડામાં ગોઠવાવી, તે ઉપરથી એને લાગ્યું કે આ સ્ત્રી બહુ ઝડપથી નાસી નહિ જાય. કુસુમાયુધે આ સ્ત્રીને અનેક પ્રશ્નો પૂછ્યા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પેલી સ્ત્રીએ જ્યારે કહ્યું કે હું તમારી મા થાઉં." ત્યારે કુસુમાયુધના મનમાં અનેક વિચારો આવી ગયા. તેને એમ જ થયું કે માની કોટે બાઝી પડું, પરંતુ તે એવી ચેષ્ટા કરી શક્યો નહીં. પેલી સ્ત્રીએ કહ્યું કે હું તમારી ખરી મા થાઉં હોં!'

ત્યારે કુસુમાયુધે પ્રશ્ન કર્યો કે 'ત્યારે તમે મને 'તું' કહીને કેમ બોલાવતાં નથી?" "અને હું તમને શું કહું?" "બહેન કહેજો.' ઉત્તર સાંભળીને કુસુમાયુધ હતાશ થયો. એ તેની ખરી મા નહોતી.

આમ, બાળકના એક પછી એક પ્રશ્નોમાં તેની બુદ્ધિ મોટાંને તાવે છે, તેમને મૂંઝવી નાખે છે.

**પ્રશ્ન 2. "ખરી મા' શીર્ષકની યથાર્થતા ચર્ચો.**

ઉત્તરઃ

"ખરી મા' વાર્તામાં વાત અપરમાની છે. કુસુમાયુધના પિતાએ પત્નીના અવસાન પછી ફરી લગ્ન કર્યાં ત્યારે તેણે પરણવા તૈયાર થયેલી સ્ત્રીને ગત પત્નીના પુત્રને પોતાના પુત્ર તરીકે ઉછેરવો પડશે તેમ કહી દીધું હતું. યુવતીએ તે ઉત્સાહપૂર્વક કબૂલ કર્યું હતું.

ઘરમાં આવતાની સાથે જ તે સ્ત્રીએ માતૃભાવભૂખ્યા કુસુમાયુધને પોતાના જ પુત્રની માફક ઉછેરવાનો પ્રામાણિક પ્રયત્ન આદર્યો હતો.

કુસુમાયુધ પહેલે દિવસથી આ યુવતીની કપરી પરીક્ષા લેતો હતો. અપરમા તેને 'તું'ને બદલે 'તમે કહેતી. તેણે કુસુમાયુધને પોતાને 'બહેન' કહી બોલાવવા કહ્યું. બાળક કુસુમાયુધ આજ્ઞાધારક થઈ ગયો. તે અપરમાની બધી આજ્ઞાઓ અનુસરતો થઈ ગયો.

માતૃભાવની ઝંખના કરતો કુસુમાયુધ દિવસે દિવસે સુકાવા લાગ્યો. દવા અને કાળજી છતાં તે ખરેખર માંદો પડ્યો. તેને સખત તાવ આવ્યો. રાત્રિના એકાન્તમાં એ લવી ઊઠ્યો "મા!" "ઓ દીકરા ' એમ જીભે આવેલા શબ્દ માતાએ ઉચ્ચાર્યા નહીં. તેને જરા શરમ આવી.

તેણે માત્ર એટલું જ પૂછ્યું : 'કેમ ભાઈ ! શું છે?' બાળકે કહ્યું હું તો મારી ખરી માને બોલાવું છું." "ખરી મા મને "તું" કહેતી હતી." "પણ મારી ખરી મા તો મરી ગઈ છે ને !' છેવટે અપરમા ખરી મા બની ગઈ. તેણે બાળકના મુખ ઉપર ચુંબન લીધું.

બાળકની નાની પલંગડીમાં તે સૂઈ ગઈ અને બાળકને છાતીસરસો લીધો. ખરી માને બાઝીને કુસુમાયુધ ગાઢ નિદ્રામાં પડ્યો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આમ, સાચા નિર્મળ માતૃપ્રેમની પ્રતીતિ કરાવતી આ વાર્તાનું 'ખરી મા' શીર્ષક યથાર્થ છે.

**પ્રશ્ન 3. નવી માં શરૂઆતમાં બાળકની કેવી કેવી કાળજી લે છે? અંતે ખરી મા બનવા તેણે શું કર્યું?**

ઉત્તર :

માતૃભાવભૂખ્યા કુસુમાયુધને પોતાના જ પુત્રની માફક ઉછેરવાનો નવી મા શરૂઆતમાં પ્રામાણિક પ્રયત્ન કરે છે. તે સવારે ધીમેથી બાળકને જગાડે છે. તેના માથામાં ધુપેલ નાખી તેના વાળ ઓળે છે. તેના ખાવાપીવાની કાળજી રાખે છે. તેને જરૂરી સૂચનાઓ પણ આપે છે.

બાળક માતાની આજ્ઞાનું પાલન કરે છે. આકાશમાં ઊડતું કલ્લોલતું પક્ષી એકાએક આજ્ઞાધારી વિમાન બની જાય અને જે સ્થિતિ અનુભવે તે સ્થિતિ કુસુમાયુધની થઈ. તેનું શરીર સુકાતું ગયું.

બાળક કુસુમાયુધ માંદો પડ્યો. રાત્રિના એકાન્તમાં તેણે ચીસ પાડી : 'ઓ મા !" માતાએ પૂછ્યું કેમ ભાઈ ! શું છે?" "હા, પણ હું તો મારી ખરી માને બોલાવું છું.' "ખરી મા મને "તું" કહેતી હતી, "તમે" નહિ." "મારી ખરી મા તો મરી ગઈ છે ને?"

આવા પ્રશ્નો સાંભળીને અપરમા ખરી મા બની ગઈ. તેણે બાળકના મુખ ઉપર પહેલું ચુંબન લીધું. તેના હૃદયમાં માતૃત્વનો પાતાળફૂવો ફૂટી નીકળ્યો.

તે બાળકને છાતીસરસો લઈને તેની સાથે સૂઈ ગઈ. ખરી માને બાઝીને બાળક કુસુમાયુધ ગાઢ નિદ્રામાં પડ્યો. આજે તે માની અમૃતભરી સોડ પામ્યો હતો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in